**અમદાવાદ ગ્રામ્યના અસલાલી પોલીસ સ્ટેશનના ગ્યાસપુર અને ફતેવાડી વિસ્તારને અમદાવાદ શહેરના સરખેજ અને વેજલપુર પોલીસ સ્ટેશન હેઠળ સમાવવા બાબત.**

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંક: પસથ/૧૦૨૦૧૦/૮૪૮/વ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: 07 APR 2017

વંચાણે લીધા:

પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા.નો તા.૦૫/૧૧/૧૬નો પત્ર ક્રમાંક.:ઇ-૨/૧૫૩૬/જા.નામુ/૨૫૫૦/૨૦૧૬.

ઠ રા વ:

અમદાવાદ ગ્રામ્ય જિલ્લાના અસલાલી પોલીસ સ્ટેશન હેઠળના ગ્યાસપુર તથા ફતેવાડી વિસ્તાર અમદાવાદ શહેરના સરખેજ અને વેજલપુર પોલીસ સ્ટેશનની નજીક પડતાં હોય સામાન્ય જનતાની અનુકુળતા માટે આ વિસ્તારો તબદીલ કરવા સ્થાનિક કક્ષાએથી રાજ્ય સરકાર સમક્ષ રજૂઆત થયેલ. આ અન્વયે આમુખમાં દર્શાવેલ સંદર્ભ દર્શિત પત્રથી પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. દ્વારા આ વિસ્તારોને અસલાલી પોલીસ સ્ટેશન હેઠળથી સરખેજ તથા વેજલપુર પોલીસ સ્ટેશન હેઠળ તબદીલ કરવા દરખાસ્ત કરવામાં આવેલ.

૨. સ્થાનિક કક્ષાએથી થયેલ રજૂઆત તથા પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા.ની દરખાસ્ત ધ્યાને લેતાં સામાન્ય જનતાની સુગમતા અને વહીવટી અનુકુળતા માટે પુખ્ત વિચારણાને અંતે અમદાવાદ ગ્રામ્ય જિલ્લાના અસલાલી પોલીસ સ્ટેશન હેઠળના ગ્યાસપુર તથા ફતેવાડી વિસ્તારને અમદાવાદ શહેરના સરખેજ અને વેજલપુર પોલીસ સ્ટેશનની પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં નીચે મુજબ સમાવેશ કરવાનું આથી ઠરાવવામાં આવે છે:-

**(P.T.O.)**

<u>અસલાલી પોલીસ સ્ટેશનનો સરખેજ તથા વેજલપુર પોલીસ સ્ટેશનમાં સમાવેશ થતો વિસ્તાર</u>

| અ.નં. | પોલીસ સ્ટેશન | સ્થાનિક વિસ્તાર |
|---|---|---|
| ૧. | સરખેજ | એસ્સાર પેટ્રોલપંપ સર્કલથી અંબર ટાવર સુધીનો રોડ અને ફુટપાથ સિવાયનો ઉત્તરનો ભાગ (હાજરા મસ્જિદ અને તેની આજુબાજુનો વિસ્તાર) તથા અંબર ટાવરની સામે ૧૦૦ ફુટ રિંગ રોડ તથા ફુટપાથ સિવાયનો ફતેવાડી કેનાલ સુધીનો રોડથી પશ્ચિમ તરફનો ભાગ જેમાં મોના પાર્ક, લબ્બે પાર્ક, મોહંમદી પાર્ક, નીમરો હાઉસ, સુફિયાનગર, ખ્વાજાનગર સુધીનો નદી તરફનો પશ્ચિમ તરફ તથા નરીમાનપુરા બાજુ નદી વિસ્તારનો ભાગ, બાકરોલ સર્કલ તથા રિંગ રોડ તેમજ સર્વિસ રોડ સિવાયનો ભાગ જેમાં નરીમાનપુરા (બાદરાવાડ), નવા વણઝર, જુના વણઝર, નવી ફતેવાડી, જુની ફતેવાડી, ખોડીયાર નગર, માવજીપુરા અને અક્ક્ષા હોટલ, એકતા હોટલ પાછળનો ગોડાઉન વિસ્તારનો ભાગ જેમાં એસ.પી.રિંગ રોડ અને તેના સર્વિસ રોડની અંદરનો અસલાલી પોલીસ સ્ટેશનમાં સમાવેશ થતો તમામ વિસ્તાર(એસ.પી. રિંગ રોડ અને સર્વિસ રોડ સિવાયનો) ભાગ. |
| ૨. | વેજલપુર | અંબર ટાવરથી ફતેવાડી કેનાલ સુધીનો ૧૦૦ ફુટ રિંગ રોડ, જેમાં પઠાણ ફાર્મ, કે.જી.એન. પાર્ક, સોએબ પાર્ક કોર્નર એવન્યુથી કેનાલ બ્રિજથી આઇશા પાર્ક, રુપા રેસિડેન્સી, મીહનાઝ પાર્ક-૧, ઇકબાલ એવન્યુ, અનમોલ રેસીડેન્સી, ફુજેલ પાર્ક, મદની રો હાઉસ રોડ સાથેનો વિસ્તાર. |
| ૩. | વેજલપુર | શાસ્ત્રી બ્રિજથી સાબરમતી નદી જે મદની રો હાઉસ સુધી ઉત્તર તરફનો નદી તથા નદીના કિનારા સિવાયનો ઉત્તર તરફનો વિસ્તાર. |

૩. અમદાવાદ ગ્રામ્ય જિલ્લાના અસલાલી પોલીસ સ્ટેશન હેઠળના ગ્યાસપુર તથા ફતેવાડી વિસ્તારને અમદાવાદ શહેરના સરખેજ અને વેજલપુર પોલીસ સ્ટેશનની પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં સમાવેશ કરવા માટે કરવાની થતી આનુષાંગિક કાર્યવાહી પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી, ગુજરાત રાજય, ગાંધીનગર, પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા પોલીસ અધિક્ષકશ્રી, અમદાવાદ ગ્રામ્યએ હાથ ધરવાની રહેશે.

૪.	આ હુકમો આ વિભાગની સમાનાંકી ફાઇલ ઉપર રા.ક.મંત્રીશ્રી(ગૃહ)ની તા.૬-૪-૨૦૧૭ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

7.4.17

(ડી.આર.ભમ્મર)
નાયબ સચિવ,
ગૃહ વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- પોલીસ મહાનિરીક્ષકશ્રી, અમદાવાદ રેન્જ, અમદાવાદ.
- પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર.
- પોલીસ અધિક્ષકશ્રી અમદાવાદ ગ્રામ્ય.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, અમદાવાદ.
- સિલેક્ટ ફાઇલ.